## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ઝાડ કાપ્યાની વ્યથાના ભારથી
બારણું ખખડી રહયું છે બ્હારથી.

લાગણીની ચીસ કોણે સાંભળી ?
કોણ મારે છે કુહાડી પ્યારથી ?
- જીબીશા પરમાર 'શમા'

### પાથેય

- રમેશ ઠક્કર

## ખુલ્લી હવામાં...

વ્યકિત મટીને જયારે આપણે વિશ્વમાનવી બનીએ છીએ ત્યારે સમષ્ટીની વ્યાપકતાનો ખયાલ આવે છે.જે માણસ ખુલે છે એ જ જગતના પારણે ઝુલે છે..બંધિયારપણું જો માણસને સદી જાય તો એની ઉન્નતિ આપોઆપ ઠપ્પ થઈ જતી હોય છે.

અઢારમા વર્ષે યુવાનીના સંચાર સાથે મોહનદાસ ગાંધી સમુદ્રની અફાટ જળરાશીને અતિક્રમી દક્ષિણ આફ્રિકા ગમન કરેછે ત્યારે એક નવી સૃષ્ટીને આત્મસાત કરે છે...એમની દ્રષ્ટિને બૃહદ આકાશ મળે છે..અમારી ગામઠી શાળાના આચાર્ય એ અમને જીવનમંત્ર આપેલો કે 'મન ને ખુલ્લું રાખવું..મુકતવિહાર કરવો.' બંધિયારપણું એ અભિશાપ છે..

સ્વૈરવિહારની પણ અનોખી સહેલગાહ હોય છે...વૃક્ષ વિકસે છે...ફેલાય છે..આકાશ અસીમ છે..તરણું ખુલ્લી હવામાં લહેરાય છે..પ્રકૃતિમાં કયાંય બંધિયાર માહોલ નથી...માણસ પણ એના અંશ તરીકે જો વ્યાપ વધારે તો અનેક અજાયબીઓ પામતો હોય છે..આપણે જયારે વ્યાપક અભિગમ અપનાવીએ છીએ ત્યારે આપણી માન્યતાઓને નવો આયામ મળે છે..આપણે બીજાની વાતમાં પણ વજૂદ જોઈ શકીએ છીએ..મનની બારી ઉઘાડી કરીએ છીએ ત્યારે નવી દિશાઓ ની તાજગી તરબતર કરી જાય છે.

વૈશ્વિક અભિગમથી જીવનાર માણસ કયારેય કૂપમંડૂક નથી હોતો..માણસે સમષ્ટિનું સાનિધ્ય પામવું હોય તો મુકત મને વિહરવું જોઈએ..એકવખત એ રાહ અપનાવ્યા પછી સ્થગિતતાનો શાપ આપણને લાગતો નથી.એક નવા કવિએ સાચું જ કહયું છે..

'ચાલવાના અર્થમાં ચાલ્યા પછી,
થોભવું દરવાજા જેવું હોય છે.'

આજના માણસની સ્થિતિ એવી છે કે દુનિયા એની મુઠ્ઠીમાં છે પણ ચરણ અટકી ગયેલાં છે..પહેલાં દુનિયા સિમીત હતી..પગદંડીઓ જ હતી પણ માણસની ખેપ અને રઝળપાટ એને વ્યાપકતાનો એહસાસ કરાવતી...ચાલવું..વાંચવું કે લખવું એ જાણે સ્મૃતિશેષ થતું જાય છે..ભૌતિકતાની દોડ માં આપણે સાચા અર્થમાં દોડવાનું ભુલી જ ગયા છીએ..દોડ શબ્દ હવે કેવળ હોડ નો પર્યાય બન્યો છે..

સીમાડા, શેઢા ,ગોદરું કે પાદર જેવા શબ્દો પરાયા લાગે છે..સેલ્ફીનું બીજું નામ આત્મરતિ છે...પોતાની આંખોથી માત્ર પોતાને જ નિહાળતો માણસ નેજવાની નજરે નભદર્શન કરે એવી તો આશા પણ કયાંથી રાખી શકાય?જગતની વ્યાપકતાનો જયારે એહસાસ થાય છે ત્યારે જીવન એક નવા ઉઘાડને પામતું હોય છે...

# ફર્સ્ટ પ્રાયોરિટી : મારું ગામ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી ચાલી રહી છે ઘણી પંચાયતો શાસન-પ્રશાસન બધા સમજૂતીપૂર્વક અને પુરસ્કારના લોલીપોપથી 'સમરસ' પણ થઈ છે. પરંતુ લોકતંત્રમાં દરેક નાગરિકને પોતાના ગામ, તાલુકા, જિલ્લા, પ્રદેશ અને દેશનું પ્રતિનિધિત્વ કરવાનો જન્મસિદ્ધ બંધારણીય અધિકાર છે. આવા અધિકાર પર ઘણીવાર તો સ્થાનિક પ્રભાવશાળી પરિવારો એકાધિકાર જમાવી દેતા હોય છે. ઉત્તરપ્રદેશ અને બિહાર જેવા હિંદીભાષી મોટાં રાજયોમાં 'બાહુબલી' શબ્દ બહુ પ્રચલિત છે. એવા લોકો સામે સામાન્ય જનતા હરફ પણ ઉચ્ચારી શકતી નથી. તેઓ રાજા-બાદશાહની જેમ વૈભવી જીવન જીવે છે અને સરકારી તિજોરીમાંથી વિકાસકાર્યો કે જનસાધારણની સુવિધા માટે ફાળવાતાં નાણાં - અરે, મનરેગા યોજના અન્ય બેરોજગાર લોકોને મજૂરી પેટે ચુકવાતાં નાણાં સુધ્ધાં હડપ કરી જાય છે. આવા સંજોગોમાં છોટા ઉદેપુર જેવા અંતરિયાળ પંથકમાં કાવીડા ગામની એક દીકરીએ મુંબઈની 'ગ્લેમરસ લાઈફ' છોડીને ગામમાં સરપંચની ચૂંટણીમાં ઝંપલાવવાની ઝંખના જાગે ત્યારે જરૂર એમ જ લાગે કે હજી બધું જ બગડી ગયું નથી. હજી કોઈ તો છે જેને મહાનગરની વૈભવી જિંદગી છોડીને પોતાના ધૂળિયા- કાદવિયા ગામમાં પોતાની તમામ કાર્યક્ષમતાપૂર્વક સેવા કરવાની એષણા જાગે છે. એશ્રા પટેલ નામની આ ચુલબુલી મોડલ ધારે તો રાજકારણીઓની સાથે ફાઈવસ્ટાર હોટેલમાં પાર્ટી કરીને સંસદની ટિકિટ મેળવી શકે પણ એને રાતોરાત મોટા ફલક પર પહોંચવાના હેવા નથી ઉપડ્યા. એ 'ડાઉન ટુ અર્થ' પોતાના ગામડામાં વિકાસ કાર્યો કરવા કૃતસંકલ્પ છે. એણે આખી દુનિયા જોઈ લીધી છે. દસ વર્ષથી મોડલિંગ કારકિર્દીમાં એણે કલ્પના બહારનું કમાઈ લીધું છે. હવે એ પોતાનું ધ્યાન પોતાના દુખિયારાં ગ્રામજનો પ્રત્યે કેન્દ્રિત કરવા માગે છે અને જે ગામમાં બસ પણ નથી પહોંચતી એને વિશ્વસ્તરની સુવિધાઓથી સજ્જ કરવા માગે છે. એની આ મહેચ્છાને દાદ જ આપવી રહી. સરપંચ એ કોઈ મોટો હોદ્દો નથી કે આટલી મોટી સેલિબ્રિટી એ મેળવીને ધન્યતા અનુભવી શકે. સરપંચ એટલા માટે બનવું છે કે એ પદના માધ્યમથી ગામ પ્રત્યે સમર્પિત થઈ એના વિકાસનો રાજમાર્ગ ખુલ્લો કરી શકાય. એશ્રાના પરિવારમાં જ સરપંચ - ડેલિગેટ પર આવેલાં છે, પરંતુ પિતા સરપંચ થયા હશે તો પણ એમની છાપ - એવરેજ - બીજા સરપંચો જેવી જ રહી હશે. એશ્રાએ તો એવી સામાન્યપણાની લક્ષ્મણરેખાઓ કયારનીયે ઓળંગી દીધેલી છે. એટલે એ જયારે તાલુકા - જિલ્લા કે રાજયના શાસકો-પ્રશાસકો સમક્ષ એના ગામ વતી રજૂઆત કરવા જશે ત્યારે એના સમાજનું વજન પડશે. એની વાજબી માગણીઓને તાબડતોબ મંજૂરી મળશે. એશ્રા ભારે આત્મવિશ્વાસ સાથે ગામડે પાછી ફરવા માગે છે. એણે ગામડાની દુર્દશા નરી આંખે નિહાળી છે. એની પાસે વિકાસનો એક સ્પષ્ટ રોડમેપ છે. પોતાના ગામમાં એશ્રા વિશ્વકક્ષાની સુવિધાો ઉપલબ્ધ કરાવવા ઈચ્છે છે. એણે ખબર છે કે રાજકારણ તો ભ્રષ્ટાચારનો ઉકરડો છે. એને ખબર છે તલાટી થી લઈ સચિવાલય સુધી ખાયકી જ ખાયકી ચાલે છે. ત્યાં સુધી કે મજૂરોની મજૂરીમાંથી પણ ખાયકી થાય છે. બાળકોના મધ્યાહ્ન ભોજનમાં પાણી જેવી પાતળી દાળ પિરસાય છે. આ બધું જોઈને એનો જીવ બળે છે. સુવાવડી મહિલાને દવાખાને લઈ જવા માટે સગવડ નથી. રસ્તા વધુ વરસાદ પડતાં કીચડથી ખદબદી ઊઠે છે. કોરોનાકાળમાં રોજ કમાઈને રોજ ખાનારાંનો ચૂલો સળગતો બંધ થઈ ગયો હતો. એશ્રા આ તમામ દુઃખતી રગો પર આંગળી મૂકીને એક શુભ સંકલ્પ સાથે સરપંચ બનવા આવી છે. જયાં જરૂર પડ્યે ત્યાં એ પોતાની કમાણીમાંથી ફંડ પૂરું પાડશે પણ ગામનો કાયાકલ્પ કરીને જંપશે. આવી ઉચ્ચાભિલાષી ગ્રામકન્યાને આપણે અંતઃકરણની શુભેચ્છા પાઠવીને તાર સ્વરે બોલીએ : વિજયી ભવ ! એશ્રા, તું ગુજરાતનું જ નહીં, નવા ભારતનું ભવિષ્ય છે. કાલે તું નરેન્દ્ર મોદીની જગ્યાએ પહોંચે તો પણ અમને રાજીપો જ થશે. શું એશ્રાની જેમ આપણા સમૃદ્ધિમાં આળોટતા ધનકુબેરો કે કલાકારો, લેખકો, ડૉકટરો, વકીલો, ન્યાયધીશો, ઈજનેરો, અધ્યાપકોને આવી અભિલાષા જાગે તે જરૂરી નથી ? ગામડામાં વસતા ભારતના આત્માને ત્યારે જ તસલ્લી વળશે જયારે એશ્રા જેવી દીકરીઓ એના શાસનની ધુરા સંભાળવા સંકલ્પપૂર્વક આગળ આવશે અને પુરુષો એમને સ્વેચ્છાએ આગળ કરી સહકાર આપશે.

# ગીતા સુગીતા કર્તવ્ય

'મહાભારત' નું આ વાક્ય છે - ગીતા સારી રીતે જાણી લેવી. પછી મોટા મોટા શાસ્ત્રોની જરૂર નથી. યુદ્ધમેદાનમાં શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે. માગશર



સુદ અગિયારસે આ ઘટના બની. આ ઉપદેશ જેમાં સંગૃહિત છે, એ શ્રીમદ્ ભગવદ્ ગીતા છે. અઢાર અધ્યાયના સાતસો શ્લોકોમાં બંનેનો આ સંવાદ છે.

આગામી કેટલીક સૂક્તિઓ અહીં આપી છે :

૧. હે માધવ ! પોતાના જે માણસોને મારીને અમે સુખી શું થવાના ? (૧-૩૭)

૨. તારો અધિકાર માત્ર કર્મો કરવા ઉપર જ છે. એનાથી મળતા ફળ ઉપર કયારેય નહિ. (૨-૪૭)

૩. શ્રેષ્ઠ પુરુષો જે કાંઈ આચરે છે, બીજા માણસો એ પ્રમાણે જ કરે છે. તે જ માપદંડ ઊભો કરે છે. એને લોકો અનુસરે છે (૩-૨૧)

૪. વિવેક વગરનો, કોઈનામાં શ્રદ્ધા નહિ રાખનારો. અને દરેક બાબતોમાં સંશયો કરનારો માણસ નાશ પામે છે. આવા સંશયગ્રસ્તને માટે નતી આ લોક, કે નથી પરલોક કે નથી સુખ. (૪-૪૦)

૫. વિદ્યા અને વિવેકથી ભરેલો બ્રાહ્મણ હોય કે પછી ગાય અથવા હાથી અથવા કૂતરો અથવા ચાંડાળ હોય- પંડિતો બધાને એક સમાન નજરે જુએ છે (૫-૧૮)

૬. પોતાની જાતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો. પોતાની જાતની અધોગતિ થવા ન દેવી. પોતે જ પોતાનો મિત્ર છે એને પોતે જ પોતાનો શત્રુ (૬-૫)




૭. બળવાનોમાં જે બળ છે, એ હું છું , પરંતુ એ આસક્તિ અને કામના વગરનું બળ. બધા પ્રાણીઓમાં રહેલા કામ, એ હું છું. પરંતુ ધર્મથી એ માન્ય હોય (૭-૧૧)

૮. તું મારા મન અને બુદ્ધિ મને સોંપી દે. પછી તું ચોક્કસ પણે મને પામીશ. (૮-૭)

૯. જે લોકો હંમેશા મારી સાથે જોડાયેલા રહે છે. એના યોગ અને ક્ષેમ હું સાચવી લઉં છું. (૯-૨૨)

૧૦. હું જ બધા પ્રાણીઓમાં રહેલો આત્મા છું. (૧૦-૨૦)

૧૧. કોઈ પ્રાણી તરફ વેર રાખતો નથી. એ મને પામે છે. (૧૧-૫૫)

૧૨. જે મારો ભક્તિ નિરભિમાની છે, એ મને પ્રિય છે. (૧૨-૧૬)

૧૩. પ્રિય થાય કે અપ્રિય - એ વખતે પોતાના ચિત્તને એક સમાન રાખવું (૧૩-૯)

૧૪. સાત્ત્વિક લોકોની ઊર્ધ્વગતિ હોય છે. (૧૪-૧૮)

૧૫. બધા પ્રાણીઓમાં દેહમાં હું અગ્નિરુપે છું. પ્રાણ અને અપાન વાયુથી જોડાઈને હું જ ચાર પ્રકારના અન્નને પચાવું છું. (૧૫-૧૪)

૧૬. નરકના આ ત્રણ દરવાજા છે - કામ, ક્રોધ અને લોભ (૧૬-૨૧)

૧૭. કુપાત્રને દાન આપ્યું હોય, એ દાન તામસ કહેવાય છે. (૧૭-૨૨)

૧૮. તું બીજા બધી બાબતોને છોડીને, માત્ર મારે શરણે આવી જા. શોક નહીં કર. હું તને બધાં પાપોથી છોડાઈ દઈશ.

### દિન મહિમા

- પેન્શનર્સ ડે - પેન્સનર્સને મળવા પાત્ર પેન્શન લાભો માટે કર્ણાટકના એક અરજદારે સુપ્રિમ કોર્ટમાં કરેલી રિપીટીશનને ૧૭-૧૨-૧૯૮૨ના રોજ ચુકાદો આપનાર એક ન્યાયમૂર્તિ ગુજરાતના હતા અને આ ગુજરાતી ન્યાયમૂર્તિ એ પેન્શનર્સના હિતમાં એક શકવર્તી ઐતિહાસિક ચુકાદો આપી દેશભરના પેન્શનર્સ સાથે ન્યાય કર્યો હતો.

આજનું

### ઔષધ

- આંધળાપણામાં શતવારીના કુમળા પાન, ગાયના ઘીમાં વધારીને ખાવાથી આંધળાપણું દૂર થાય છે.

### ખડખડાટ

- ભગવાને બધા માણસોને અલગ-અલગ બનાવ્યા છે જયારે ચીનનો વારો આવ્યો ત્યારે ભગવાન થાકી ગયા હતા પછી તો જે ઉપાડ્યું ને કોપી પેસ્ટ... કોપી પેસ્ટ...

આજનો

### વોટ્સએપ

- લોકોની ટીકાથી આપણો માર્ગ ન બદલાય કારણ કે, સફળતા શરમથી નહીં સાહસથી જ મળશે.

### વિચાર

- ભૂતકાળને ખોદવો જ પડે તો ભવિષ્યનો પાયો નાખવા માટે ખોદો. ભવિષ્ય માટે કંઈક કામ આવને એવું શીખવા માટે જ અતિતનો ઉપયોગ કરો.
  - એસ ભટ્ટાચાર્ય
- તકલીફનો સામનો બહાદુરીથી કરાય છે કે ડરપૂર્વક... એમાં જ સફળતા અને નિષ્ફળતા નક્કી થાય છે.
  - બોધિવૃક્ષ

# સૌથી વધારે દેશોમાંથી પસાર થતી નદી કઈ છે ?

### વિશ્વની ભૂગોળ

૧ કયો દેશ યુરોપનું ભારત ગણાય છે?
(અ) પોર્ટુગલ (બ) ઈટાલી
(ક) જર્મની (ડ) ફ્રાન્સ

૨ દુનિયામાં સૌથી વધુ પોસ્ટ ઓફિસ ધરવાતો દેશ કયો છે?
(અ) ભારત (બ) અમેરિકા
(ક) ચીન (ડ) કેનેડા

૩ વિશ્વનો સમય કેટલા ઝોનમાં વિભાજીત કરવામાં આવ્યો છે?
(અ) ૬ (બ) ૧૨
(ક) ૧૮ (ડ) ૨૪

૪ પેટાગોનીયા રણપ્રદેશ કયાં આવેલ છે?
(અ) ઈરાક (બ) પાકિસ્તાન
(ક) આર્જેન્ટીના (ડ) ઓસ્ટ્રેલિયા

૫ વિશ્વનો સૌથી મોટો ટાપુ સમુહ કયો છે ?
(અ) આંદામાન-નિકોબાર (બ) શ્રીલંકા
(ક) ઈન્ડોનેશિયા (ડ) જાવા સુમાત્રા

૬ વોલ્ગા નદી કયા પ્રદેશની સૌથી મોટી નદી છે ?
(અ) આફ્રિકા (બ) યુરોપ
(ક) ભારત (ડ) અમેરિકા

૭ સ્ટેનલી ધોધ કઈ નદી પર છે ?
(અ) કાંગો (બ) રાયન
(ક) વોલ્ગો (ડ) નાઈલ

૮ દુનિયામાં સૌથી વધુ વરસાદ થાય છે તે સ્થળ કયું ?
(અ) અરુણાચલ પ્રદેશ (બ) નાગાલેન્ડ
(ક) આસામ (ડ) મેઘાલય

૯ વિશ્વનું સૌથી મોટું બંદર કયું છે ?
(અ) કોલકત્તા (બ) ન્યૂયોર્ક
(ક) સંઘાઈ (ડ) વિએના

૧૦ માઉન્ટ બ્લાન્ક પર્વત કયા દેશમાં આવેલ છે ?
(અ) જર્મની (બ) સ્વીત્ઝર્લેન્ડ
(ક) ફ્રાન્સ (ડ) ઈટાલી

૧૧ બૈકલ સરોવર કયા દેશમાં આવેલ છે ?
(અ) દક્ષિણ આફ્રિકા (બ) ચીન
(ક) ઈંગ્લેન્ડ (ડ) રશિયા

૧૨ સૌથી વધારે દેશોમાંથી પસાર થતી નદી કઈ છે ?
(અ) નાઈલ (બ) ડેન્યુબ
(ક) એમેઝોન (ડ) રાયન

૧૩ અલ હમ્રા ટાવર કયાં આવેલું છે ?
(અ) અબુધાબી (બ) દુબઈ
(ક) કુવૈત (ડ) જેરુસલેમ

૧૪ ગોલ્ડ કોસ્ટ દેશનું નવું નામ શું છે?
(અ) નાઉરુ (બ) ચીલી
(ક) ગ્રીસ (ડ) ઘાના

૧૫ ચીલી દેશની રાજધાની કઈ છે ?
(અ) સેન્ટિયાગો (બ) કિન્સાસા
(ક) સેન્ટ લોરેન્સ (ડ) વેલિંગ્ટન




### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૭ ડિસેમ્બર :
  - ચા પરના ટેક્સના વિરુદ્ધમાં બોસ્ટન ખાતે દેખાવો થયા તે બોસ્ટન ટી પાર્ટી નામે ઓળખાયા (૧૭૭૩)
  - વિમાનના શોધક ફાઈટર બર્ધર્સે પ્રથમવાર સફળતાપૂર્વક તેમણે બનાવેલા વિમાને ૧૨૦ ફૂટની ઊંચાઈ સુધી ઉડાડ્યું (૧૯૦૩)
  - કેનેડાના પૂર્વ પ્રાઈમ મિનિસ્ટર ડબલ્યુ એલ. મેકજેઈન કીંગનો જન્મદિવસ (૧૮૭૪)
  - દમદાર અવાજના માલિક અભિનેતા સુરેશ ઓબરોયનો જન્મદિવસ (૧૯૪૮)
- ૧૮ ડિસેમ્બર :
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર હાઉસ ઓફ રિપ્રજેન્ટીવ દ્વારા ઈમ્પીજમેન્ટ દરખાસ્ત મુકાઈ (૨૦૧૯)
  - શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર જર્મનીના પોલીટીશન વિલ્લી બ્રેન્ટનો જન્મદિવસ (૧૯૧૩)
  - વાયોલીન બનાવનાર એન્ટોનીયો સ્ટ્રેડીવર્ટીનું નિધન (૧૭૩૭
  - સચિન તેડુલકરે ક્રિકેટમાં વનડે કારકિર્દીનો પ્રારંભ કર્યો (૧૯૮૯)
- ૧૯ ડીસેમ્બર :
  - સોવિયેટ યુનિયનના પૂર્વ પ્રમખ લીયોનીડ બ્રેજનેવનો જન્મદિવસ (૧૯૦૬)
  - પાર્ક ગૌન-હે સાઉથ કોરિયાના પ્રથમ મહિલા પ્રેસિડેન્ટ બન્યા (૨૦૧૨)
  - વિશ્વ પ્રસિદ્ધ ફિલ્મ ટાઈટેનિક પ્રિમિયર રજૂ થયું (૧૯૯૭)
  - જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર ઉમાશંકર જોષીનો જન્મદિવસ (૧૯૧૧)
- ૨૦ ડિસેમ્બર :
  - બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયે વંદે માતરમ્‌ની રચના કરી (૧૮૭૬)
  - અમેરિકન સાહિત્યકાર જહોન સ્ટેઈનબેકનો જન્મદિવસ (૧૯૦૨)
  - અમેરિકન સેનાએ મેન્યુઅલ નોરીએજાના હેડ ક્વાર્ટર પર પનામા સીટીમાં ઓપરેશન કર્યું (૧૯૮૯)
  - પાકિસ્તાનના પૂર્વ પ્રમુખ આગફા મોહંમદ યાહાખાને ઝુલ્ફીકાર અલી ભૂટોને સત્તા સોપી (૧૯૭૧)
- ૨૧ ડિસેમ્બર :
  - ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈનું નિધન (૧૯૭૧)
  - મેરી ક્યુરી અને પેરી ક્યુરીએ રેડિયમ ધાતુની શોધ કરી (૧૮૯૮)
  - મશહુર અમેરિકન એથલેટ્સ ફલોરેન્સ ગ્રીફથ જહોનીયરનો જન્મદિવસ (૧૯૫૯)
  - અમેરિકન અવકાશયાત્રી બ્રુશ મેક્કેન્ડલ્સનું ૮૦ વર્ષની વયે નિધન થયું (૨૦૧૭)
- ૨૨ ડીસેમ્બર : ગણિત દિવસ
  - ફ્રાન્સના આર્મી ઓફિસર આલ્ફ્રેડ ડ્રેયફસને આજીવન કેદની સજા કરવામાં આવી (૧૯૮૪)
  - મશહુર ઈટાલીયન કંપોઝર જીયાકોમાં પુન્ચીનીનો જન્મદિવસ (૧૮૫૮)
  - અફઘાનિસ્તાનમાં હામીદ કરઝાઈના નેતૃત્વમાં વચગાળાની સરકારની રચના થઈ (૨૦૦૧)
  - રામકૃષ્ણ પરમહંસના પત્ની મા શારદા દેવીનો જન્મદિવસ (૧૮૫૩)
- ૨૩ ડીસેમ્બર : કિશાન દિવસ
  - ભારતના પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવનો જન્મદિવસ (૧૯૦૪)
  - એલેક્શન્ડર ક્વાન્સનીવીસ્કી પોલેન્ડ પ્રેસીડેન્ટ તરીકે જાહેર કરાયા (૧૯૯૫)
  - એમ્પીરીયર ઓફ જાપાન એખીહીટ્ટોનો જન્મદિવસ (૧૯૩૩)
  - રશિયન વૈજ્ઞાનિક મીખાઈલ કાલન્સીકોવે જેમણે પ્રસિદ્ધ અસોલ્ટ રાઈફલ એકે-૪૭ની શોધ કરી તેમનું અવસાન (૨૦૧૩)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

કેન્દ્ર સરકારમાં મંત્રી એવા અનુપ્રિયા પટેલના રાજકીય પક્ષનું નામ શું છે ?

જવાબ : અપના દલ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૪) પંકજ પટેલ : કુડાસણ (૫) શિવાંગ બી પટેલ : સરગાસણ (૬) હાર્દિક ભટ્ટ - સે-૨૪ (૭) ઋજિત રાવલ : સે-૨૭

**આ સપ્તાહનો સવાલ**

કિસાન નેતા રાકેશ ટિકૈતનું વતન કયું નગર છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**


# ભલે, દર્દી-પેશન્ટ એના ડોકટર ભગવાન હોય, ડોકટર માટે તો એમના ઈષ્ટદેવ જ ભગવાન હોય ને!

ઈંગ્લેન્ડ-અમેરિકામાં ડૉકટરનો 'સ્ટડી' ભારે પરિશ્રમભર્યો અભ્યાસ અને ઘણાં વર્ષો માંગી લે છે પણ એકવાર ડૉકટરની ડીગ્રી મળી જાય - સ્પેશિયાલિસ્ટ બની જાવ પછી 'ઈન્કમ' અને 'સ્ટેટ્સ' બંને જોરદાર મળતાં હોય છે.

આપણે ત્યાં સરકારી દવાખાનાંની વાત જવા દો, કેટલાંક પ્રાઈવેટ કિલનિકમાં 'નંબર' લઈને ગયેલા પેશન્ટનોય એનો નંબર આવતાં સુધી ઘણો ટાઈમ બગાડ્યો હોય છે... અહીં લંડનમાં પહેલી વાત તો એ કે પ્રાયર 'એપોઈન્ટમેન્ટ' વગર કોઈ ડૉકટર તમારી નાડી ય ના ઝાલે ! ને રોજ લિમિટેડ પેશન્ટસ્‌ને જ એપોઈન્ટમેન્ટ અપાય. હા, એકવાર એપોઈન્ટેન્ટ મળી પછી ડૉકટરની માફક 'પેશન્ટ' નો ય વટ પડતો જોયો છે... વટ એટલે આપેલા ટાઈમે પહોંચો તેથી રાહ ના જોવી પડે. કદાંચ પાંચ-દસ મિનિટ બેસવું પડે તોય ચોખ્ખા - ચણાક વેઈટિંગ રુમ્સમાં પૂરતી, કમ્ફર્ટેબલ બેઠક વ્યવસ્થા, ટી.વી., હેલ્થ લિટરેચર્સ બધું ઉપલબ્ધ તે જરાય કંટાળો ના આવે. નંબર આવે કે ડૉકટર વેઈટીંગ રુમમાં આવી, વિવેકપૂર્વક માનપૂર્વક પેશન્ટને પોતાની સાથે કન્સલ્ટિંગ રુપમાં દોરી જાય... બોલો, અડધું દર્દ તો આ માન-સન્માન મળતાં જ ઓછું ના થઈ જાય ?

અહીં NHS (નેશનલ હેલ્થ સર્વિસ) સંલગ્ન 'સર્જરી' માં કોઈની સાથે જવાનું થયું તો આ બધું જોયું - જાણ્યું. હા, આપણે ત્યાંની માફક અહીં તપાસીને ફટ દઈને ડૉકટર દવાઓ ના લખી આપે - એમાંય એન્ટીબાયોટિક્સ તો જરાય નહીં. તપાસ્યા પછી 'ટેસ્ટ' લખી આપે... 'ટેસ્ટ સેન્ટર' માં એ કરાવો એટલે બે-ચાર દિવસે એના રિપોર્ટ આપણા હાથમાં ના આવે પણ સીધા ડૉકટરને પહોંચે. એ જોઈને ડૉકટર ફરી એપોઈન્ટમેન્ટ આપે ને ત્યારબાદ શરૂ થાય ટ્રીટમેન્ટ. ત્યાં સુધી દર્દીએ સામાન્ય દવા (દુખાવો હોય તો બ્રુફેન, તાવ-શરદી રહેતાં હોય તો પેરાસીટામોલ, ઉધરસ - કફ વગેરે...) લીધે રાખવાની ને સહન કરતા રહેવાનું. આપણે ત્યાં એક સુખ, ડૉકટર પાસે જઈએ કે તરત ઈલાજ શરૂ થઈ જાય. અહીં તો પહેલાં બધું પાકું કરીને જ ડૉકટર ડગ ભરે - ડ્રગ પ્રિસક્રાઈબ કરે કે સ્પેશિયાલીસ્ટને રીફર કરે.... તમે સીધા એની પાસે જઈ ના શકો...

'હા, ઈમર્જન્સી' હોય તો વિના વિલંબે એમ્બ્યુલન્સમાં ઊંચકી જઈ, હોસ્પિટલના 'બેડ' પર સૂવડાવી દે ખરા.... એટલે જ અહીં જરા વધારે બિમારી લાગે તો લોકો ઈન્ડિયા દોડી આવે છે... અહીં તો 'એમઆરઆઈ' માટેની એપોઈન્ટમેન્ટ મળતાં દિવસો જાય ને પછી રિપોર્ટ આવતાં બીજો સમય જાય.... ત્યાં સુધી નો ટ્રીટમેન્ટ. દેશ ને વિદેશની મેડિકલ ટ્રીટમેન્ટ પદ્ધતિમાં ફર્ક તો રહેવાનો અને બંનેના ફાયદા - ગેરફાયદા ય છે !!




આજે ડૉકટર વિશે વાતો શરૂ કરી છે તો એમના વિશેની થોડી રમૂજો ય માણીએ : એક મોટા નિષ્ણાંત ડૉકટરને બતાવવા એક ભાઈ ગયા... ડૉકટરે એમને બરાબર તપાસી, દવાઓ લખી આપી અને ફી માંગી : 'પંદરસો રુપિયા.'

'હેં? પંદરસો ?' પેશન્ટે ચમકીને કહ્યું : 'મારી પાસે તો ૨૦૦ રુપિયા છે, સાહેબ !' ડૉકટરે ગુસ્સે થઈને બોલ્યા : 'પાસે પૈસા ન હોયતો પછી મોટાને મોંઘા ડૉકટર પાસે જવાનો આગ્રહ કેમ રાખો છો?'

પેશન્ટે પૂરા કોન્ફીડન્સથી જણાવ્યું : 'એમાં એવું છે ને ડૉકટર સાહેબ કે હેલ્થની વાત હોય તો પછી હું પૈસા સામે નથી જોતો !!' ડૉકટરને ચક્કર આવી ગયા...

●●●

'ડાર્લિંગ, હેવ એની એપલ....' ડૉકટરે પોતાની પ્રેમિકાને સફરજન ઓફર કરતાં કહ્યું... તો પ્રેમિકા બોલી ઊઠી : નો, નો .... નો એપલ પ્લીઝ... 'વ્હાય ?' ડૉકટરે પૂછ્યું. 'કેમ કે એન એપલ એ ડે, કિપ્સ ધી ડૉકટર અવે.... અને ડિયર, હું તારાથી દૂર કેમ રહી શકું, કહે તો ?'

●●●

ઓપરેશન ટેબલ ઉપર લીધેલા પેશન્ટને ખૂબ નર્વસ થતો જોઈ ડૉકટરે પૂછ્યું : 'શું થાય છે?'

'સાહેબ, મારું આ પહેલું ઓપરેશન છે એટલે બહુ ડર લાગે છે...' પેશન્ટ બોલ્યો...

'ડરવાનું નહીં, ભળા માણસ...' ડૉકટરે હિંમત આપતા કહ્યું : 'મારું પણ આજે આ પહેલું જ ઓપરેશન છે છતાંય હું જરાય ગભરાઉં છું?'

પેશન્ટ બિચારો કલોરોફોર્મ સુંઘાડ્યા વગર બેભાન થઈ ગયો.

●●●

દર્દીને ખાસ્સીવાર સુધી, બરાબર બધી રીતે તપાસ્યા - ચકાસ્યા પછી ગંભીર વદને ડૉકટરે નિદાન કર્યું : 'તમને શું બિમારી છે તેની કંઈ ખબર પડતી નથી... કદાચ વધારે દારૂ પીવાના કારણે હોઈ શકે....'

'કંઈ વાંધો નહીં, ડૉકટર... તમે પીધેલા ના હોવ ત્યારે ફરી આવીશ... એ વખતે તો તપાસીને કહી શકશો ને કે મને શું બિમારી છે ?' પેશન્ટે તરત કહ્યું.. જે સાંભળી ડૉકટર વગર પીધે લથડિયા ખાવા લાગ્યા !!

●●●

બહુ મોટા સ્પેશ્યિલીસ્ટ તબીબના દવાખાને ગયેલા દર્દીને એમનો આસિસ્ટન્ટે 'ચેક' કરવા લાગ્યો. દર્દીએ પૂછ્યું : 'કેમ તમે તપાસો છો? સાહેબ નથી?'

'ના, એ એમનું ચેકઅપ કરાવવા બીજા ડૉકટરને ત્યાં ગયા છે!' આસીસ્ટન્ટે જણાવ્યું...

'કેમ બીજા ડૉટટરને ત્યાં?'

'સાહેબની પોતાની ફી બહુ ઊંચી છે એટલે ના પોસાય ને!'

●●●

એક પાર્ટીમાં ભેગા થઈ ગયેલા ડૉકટરને વડીલ વાતો કરતા હતા..

વકીલે કહ્યું : 'યાર, મારે બહુ તકલીફ થાય છે... કોઈ પ્રસંગે મળી ગયેલા પરિચિતો મને ત્યાંય છોડતા નથી ને મારી પાસે કોઈને કોઈ કાનૂની સલાહ માંગતા ફરે છે... શું કરવું ? ડૉકટર, તમને ય એવો અનુભવ થતો હશે ને?'

ડૉકટરે જવાબ આપ્યો : 'હા... લોકો મારી પાસે ય એમની બીમારી વિશે શું દવા કરવી એની મેડિકલ એડવાઈઝ માંગતા જ હોય છે... પણ હું તો કહું છું કે ચાલો, પહેલાં કપડાં કાઢો... તપાસી લઉં પછી દવા લખી આપું... ને એ 'ના... ના.... હમણાં નહીં' કહીને જતા રહે છે !!

●●●

મેડિકલ સ્ટુડન્ટ મેડિકલ બુક્સની શોપમાં ગયો... 'શરીર વિજ્ઞાન' ની બુક હાથમાં લઈને પાનાં ફેરવ્યા ને પછી શોપ કિપરને કહ્યું : 'અરે, આ તો દસ વર્ષ જૂનું પબ્લિકેશન છે... નવી બુક નથી ?'

'કેમ, દસ વર્ષમાં માનવ શરીરમાં કોઈ નવા અંગો ફૂટી નીકળ્યા છે?' દુકાનદારે પ્રતિ પ્રશ્ન કર્યો.... સ્ટુડન્ટ માથું ખંજવાળવા લાગ્યો.

●●●

મેડિકલ ફિલ્ડમાં સ્પેશિયલીસ્ટ ડૉકટર્સનું એવું ચાલ્યું છે કે ભવિષ્યમાં ડાબી આંખને જમણી આંખ, ડાબો કાન ને જમણો કાન, ડાબા પગના ઘૂંટણ ને જમણા પગના ઘૂંટણ, ઉપરના દાંત ને નીચેના દાંત માટે ય અલગ અલગ સ્પેશિયાલીસ્ટો હોય તો નવાઈ નહીં!!